# ગઝલ

## –ભાવીન ગોપાણી

.1.

પર્ણો નથી ને ઝાડ પર માળો નથી,
ક્યાં માનવીનો કાંકરીચાળો નથી ?

તું દે બધું ઉપર અને પ્હોંચે નીચે,
કોઈ નગરમાં એટલા ઢાળો નથી.

આ પાયમાલીનું ખરું કારણ કહું ?
આ જીન્દગીમાં કોઈ ગોટાળો નથી.

આવે તે સૌને નાય હું આપી શકું,
મારો સમય છે, ફંડ કે ફાળો નથી.

ઘડપણ સતત મુંઝાય છે આ વાત પર,
પ્હેલાં હતો એવો સમયગાળો નથી.

આ શ્હેરમાં શાન્તી વસી છે કઈ હદે ?
માણસ મરે ત્યારેય હોબાળો નથી.

નીચે જીવે છે કૈંક લોકો એ રીતે,
જાણે ઉપર કોઈ ઉપરવાળો નથી.

.2.

જીવન આપજે તું ઉદાસી વગરનું,
હવે ઘર છે મારું અગાસી વગરનું.

મને એક મંઝીલનો રસ્તો બનાવી,
તેં દીધું છે જીવન પ્રવાસી વગરનું.

કપાળે કરે કોણ કાજળનો ટીકો ?
એ બાળક હતું મા ને માસી વગરનું.

થતાં પ્રેમ દરીયાથી, હું લઈને આવ્યો,
આ હોડીનું તરવું ખલાસી વગરનું.

ન માથું પછાડે તો ભમરો કરે શું ?
છે કુંડું હવે બારમાસી વગરનું.

.3.

સતત હું હ્રદયમાં આ ઈચ્છા રમાડું,
મને સૌ ગમાડે હું સૌને ગમાડું.

બની મીત્ર મારો મને બુમ પાડું,
પછી દોડી આવું ને બારી ઉઘાડું.

અચાનક આ મન મારું ખાલી થયું છે,
આ કોના વીચારો હતા ધાડપાડુ ?

ગમે ત્યાં આ માણસ દબાણો કરે છે,
હવે કૃષ્ણ કહે નહી હું પર્વત ઉપાડું !

મને જાત પર ક્યાંક આવે જો ગુસ્સો,
વધારે કરું શું, અરીસો પછાડું !

પ્રથમ તો ઉપરથી હું નીચે પડું છું,
પછી તારા ચરણોમાં મસ્તક અડાડું.

હવે યુદ્ધ પહોંચ્યું જો કેવા મુકામે!
થયું લાવ ધોળા કબુતર ઉડાડું.

.4.

ના ઓળખી શકે કોઈ એ સંભવીત છે.
કાલે જે ચકચકીત હતું, જર્જરીત છે!

સંબંધ જે ટકી ગયા તેનાંય મુળમાં,
થોડી છે લાગણી અને થોડું ગણીત છે.

શબ્દોને વેડફ્યા પછી ડહાપણ થયું છે કે,
આંખોથી થાય એ જ ખરી વાતચીત છે.

બે ધર્મની છે વાત તો મારો જવાબ છે,
આ પણ ઉચીત છે અને એ પણ ઉચીત છે.

એકાંત ચાંદની ને વળી રાતરાણી પણ,
આ રાત એકલી નથી બહુ સંગઠીત છે.

પહેલા ગયો નજીક પછી દુર થઈ ગયો,
મેં જાળવેલું બેઉ વખત મારું હીત છે.

.5.

છે ઘણા ધુરંધરો પણ આ સદીનું શું થશે?
હોય જો મુંગી સભા તો દ્રૌપદીનું શું થશે?

ઝંખના મળવાની તમને આજ લો પુરી કરી,
કોણ જાણે આ પછીના રાત-દીનું શું થશે?

એક વાદળ મેઘ થઈને ડુબતું’તું માંડમાંડ,
ડુબશે જો આભ આખું તો નદીનું શું થશે?

હું કુવો, ખાલી થયો છે એટલે ચીંતા મને,
આ ગરગડી, દોરડાનું બાલદીનું શું થશે?

કાં અહીં ચારે તરફ વરસાદ છે કાં આગ છે!
ને ત્વચા છે કાગદી તો કાગદીનું શું થશે ?

## .6.

પડે જો સુર્યનાં કીરણ અવાજ સાંભળી શકો.
જો ધ્યાન દઈને સાંભળો સવાર સાંભળી શકો.

તમારી સાથ એટલે સફર વીતાવવી હતી,
હું જે કહી શકું નહીં, કદાચ સાંભળી શકો.

જવું પડે જો કોઈની નજીક એટલા જજો,
પુછી શકો સવાલ ને જવાબ સાંભળી શકો.

અહીં ઘણાંને એટલેય સંભળાવવી છે વાત,
કે વાતવાતમાં ખરો સ્વભાવ સાંભળી શકો.

અમે અહીં નીચે અને તમે રહ્યાં ઉપર કશે,
ઘણું બધું કહ્યા પછી જરાક સાંભળી શકો.

તમેય થઈ શકો કવી, શરત છે આટલી જ બસ,
અવાજ જોઈ જો શકો, પ્રકાશ સાંભળી શકો.

## .7.

કદી આ રહી ને કદી ક્યાં રહે છે?
આ તારી પ્રતીક્ષા જતી ક્યાં રહે છે?

જે આવે નહીં ને છતાં આવતા હોય,
જવું એમનું પણ પછી ક્યાં રહે છે?

મેં એના પડોશીને પુછી જ લીધું,
અહીં જો એ રહેતી નથી, ક્યાં રહે છે?

જવું દુર છે તો, ક્ષણો સાચવી લો,
ક્ષણોને ખબર છે સદી ક્યાં રહે છે?

સજાવો કીનારા ગમે તેટલા પણ,
નદી એને જોવા ઉભી ક્યાં રહે છે?

ઘણાં વર્ષથી દેખ ક્યાં હું રહું છું ?
અને મારી શરણાગતી ક્યાં રહે છે !

.8.

કીતાબોમાં મુકેલા પીપળાના પાનની વાતો,
મળે છે માળીયેથી પણ કદી ચોગાનની વાતો.

મને ગમતી હતી જે ખુશ્બુ તે ગમતી વધારે થઈ,
મેં જ્યારે સાંભળી તારા મુખે લોબાનની વાતો.

ઘણું સારું થયું એ છોકરાને પાંખ ફુટી ગઈ,
ઘણી કરતો હતો એ છોકરો વીમાનની વાતો.

આ હીંસા આ અશાંતી એટલે અટકી નથી ક્યારેય,
કદી તલવાર પણ ક્યાં સાંભળે છે? મ્યાનની વાતો

નથી ઉભા થયા કે જેમણે પગલું નથી માંડ્યું,
કહો કે ના કરે એ આખરી સોપાનની વાતો.

.9.

એ મળ્યા હતા ગલીમાં ને ખરી કમાલ થઈ ગઈ,
અમે હાલચાલ પુછ્યા, શરુ બોલચાલ થઈ ગઈ !

કદી લઈને પીચકારી, તું પલાળવા જો આવી,
તને રંગવા અમારી કવીતા ગુલાલ થઈ ગઈ.

મેં કહ્યું જો જીન્દગીને કે આ જાત વેચવી છે,
તો આ સાંભળી એ પોતે, તરત જ દલાલ થઈ ગઈ !

થવું શાંત કેવી રીતે? તે વીષય હતો સભાનો,
બની ઉગ્ર એવી ચર્ચા, કે પછી બબાલ થઈ ગઈ.

જે પડી ગયો તો ઝંડો, હતો કેસરી કે લીલો,
હતો વાંક બસ હવાનો, ને સડક આ લાલ થઈ ગઈ.

.10.

ઈશ્વરના છેલ્લા વાર પ્હેલાં ટાંકણું તુટી ગયું.
બંધાયું ના બંધાયું ત્યાં તો પારણું તુટી ગયું.

આ શ્હેરનો માણસ હવે આ શ્હેર જેવો થઈ ગયો,
જેમાં ઘણું તોડી પડાયું ને ઘણું તુટી ગયું.

ગમતાં ટકોરા ના પડ્યા, તો ના પડ્યા, તો ના પડ્યા,
ને આખરે એવું થયું કે બારણું તુટી ગયું.

બાળક છે મન, મેળામાં જઈ લીધું રમકડું હઠ કરી,
આવ્યું નથી ઘરનું હજી તો આંગણું, તુટી ગયું.

મનની ખુશી કંઈ એ રીતે થઇ ગઈ ઉઘાડી જેમ કે,
અત્તર ભરેલી બાટલીનું ઢાંકણું તુટી ગયું !

.11.

મ્યાનથી તલવાર જાણે કાઢતા'તા,
નામ મારું હોઠ પર એ લાવતા'તા.

આવતા'તા કે પછી પાછા જતા'તા,
બેવ રીતે એ જ કાયમ ફાવતા'તા.

તે છતાં પણ એમના ચંપલ ઘસાયા ?
આમ તો કાયમ હવામાં ચાલતા'તા !

જેટલું પાણી કદી પીતા નથી એ,
એટલા એ આંસુ ક્યાંથી લાવતા'તા ?

એમની તો ઉંઘના પણ હાલ શા હોય?
સ્વપ્ન જેનાં રાત આખી જાગતા'તા.

સાંભળી આખી, છતાં એ રીતથી કે,
વારતાનો અંત જાણે જાણતા’તા.

## .12.

નવાઈ થાયને એવો બનાવ કાઢે છે,
છરી બતાવતો માણસ ગુલાબ કાઢે છે !

ટકી જવાનો નીરર્થક પ્રયાસ છે આખો,
સુરજની પાસે બરફ઼ ઓળખાણ કાઢે છે !

પસાર કરતો ભલે રાત એ ગમે ત્યાં પણ,
એ મંદીરોમાં હજીયે સવાર કાઢે છે !

કરું છું ચોરનો આભાર વ્યક્ત કારણ કે,
એ છાશમાંથી અમારી પરાશ કાઢે છે !

હું કોની આંખમાં પ્હોચું ને છેતરું કોને ?
પ્રકાશ આ જ પ્રતીક્ષામાં રાત કાઢે છે !

ભવીષ્યમાંય નથી પ્હોંચતા ભવીષ્ય સુધી,
જે બહુ વીચાર કરી વર્તમાન કાઢે છે !

ફ઼ુટે છે કાચ ને કુંપળ, ફ઼ુટે છે સાક્ષી પણ,
છે શબ્દ એ જ ને જુદો જ ભાવ કાઢે છે!

મહાનુભાવ આ રીતે જવાબ આપે છે,
પુછો સવાલ, તો સામે સવાલ કાઢે છે.

હ્રદયથી પાયાનો પથ્થર મુક્યો હતો જેણે,
હ્રદય ઉપર મુકી પથ્થર મકાન કાઢે છે.

નથી આ જીભની તાકાત કે કશું બોલે,
કલમ કલમ છે બધી વાત બ્હાર કાઢે છે.

સર્જકસમ્પર્ક :

Bhavin Gopani

1, Pallav Appt., Kailasnath Soc., Bhairavnath road, Maninagar, Ahmedabad - 380028

Mobile : 98256 98628 E mail: bhavingopani@yahoo.com

@@@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. ..ઉત્તમ ગજ્જર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : અગીયારમું – અંક : 334 – November 01, 2015

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી. સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@@@

More than 3,17,04,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 50,29,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,95,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 2,20,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@

## ખુશખબર

ગુજરાતીલેક્સિકન દ્વારા રજૂ કરાયેલી કેટલીક ઉપયોગી મોબાઇલ ઍપ્લિકેશનની માહિતી, અહીં નીચે તમારી જાણ માટે આપવામાં આવી છે જે જોવા વિનંતી :


1. ગુજરાતી ફોન્ટ રીડર : જો તમારો એન્ડ્રોઇડ સ્માર્ટ ફોન, માતૃભાષા ગુજરાતીને સપોર્ટ નહીં કરતો હોય અને તમને મળતા ગુજરાતી સંદેશાઓ તમે વાંચી નહીં શકતા હો, તો હવે આનંદો... કેમ કે 'ગુજરાતી ફોન્ટ રીડર ઍપ્લિકેશન'ની મદદથી તમે તમારા ફોનમાં આવતા ગુજરાતી સંદેશાઓ વાંચી શકશો. એ પણ ઍપ્લિકેશનની બહાર નીકળ્યા વગર. આજે જ આ ઍપ્લિકેશન ડાઉનલોડ કરો અને આ વાતની ખાતરી કરો.

   તમને મળતા સંદેશાઓ પસંદ કરી, કૉપી બટન ઉપર ક્લિક કરો. ક્લિક કરતાં જ તમે પસંદ કરેલા સંદેશો ગુજરાતીમાં તમને ત્યાં જ વાંચવા મળી જશે.

   આ ઍપ્લિકેશન તમે અહીં આપેલી લિંક ઉપરથી ડાઉનલોડ કરી શકશો :


https://play.google.com/store/apps/details?id=com.arnion.gujaratisupport





2. **ભગવદ્ગોમંડલ :** ગુજરાતી ભાષાના સાંસ્કૃતિક સીમાસ્તંભ સમાન ભગવદ્ગોમંડલના નવે નવ ભાગ હવે તમે 'મોબાઇલ ઍપ્લિકેશન સ્વરૂપે' પણ મેળવી શકો છો. આ એન્ડ્રોઇડ પ્લેટફોર્મ પર કાર્યરત એક ઓનલાઇન ઍપ્લિકેશન છે. જેમાં ભગવદ્ગોમંડલમાં સમાવિષ્ટ 2 લાખ 81 હજાર શબ્દોનો અને ચિત્રોનો સમાવેશ થઈ જાય છે. ભગવદ્ગોમંડલની ઍપ્લિકેશન અહીં આપેલી લિંક ઉપરથી ડાઉનલોડ કરી શકાય છે.

https://play.google.com/store/apps/details?id=com.arnion.bhagvadgomandal




**3. લેટ્સ લર્ન ગુજરાતી :** ગુજરાતી ભાષાનાં સ્વર, વ્યંજન, સંખ્યાઓ, શબ્દભંડોળ વગેરે પાયાગત બાબતોનો પરિચય કરાવતી અને શીખવતી, મોબાઇલ ઍપ્લિકેશન છે 'Let's Learn Gujarati.' અહીં સમગ્ર રજૂઆત સચિત્ર, દૃશ્ય–શ્રાવ્ય અને વિવિધ રસપ્રદ પ્રવૃત્તિઓ દ્વારા કરવામાં આવી છે. આજે જ ઍન્ડ્રોઇડ પ્લૅટફૉર્મ ઉપર કાર્યરત અમારી આ ઍપ્લિકેશન, સાથેની લિંક દ્વારા ડાઉનલોડ કરો અને સરળતાથી ગુજરાતી ભાષા શીખો.

https://play.google.com/store/apps/details?id=com.arnion.letslearngujarati




ગુજરાતીલેક્સિકનની ઉપર જણાવેલી ઍપ્લિકેશન વિશે કે બીજી ઍપ્લિકેશન વિશે કોઈ પણ માહિતી જોઈતી હોય કે કોઈ પ્રશ્ન હોય તો આપ info@gujaratilexicon.com ઉપર ઈમેલ કરી શકો છો અથવા 079-4004 9325 ઉપર મૈત્રી શાહનો સંપર્ક કરી શકો છો. ધન્યવાદ..